તાલીમ સહ-ઉત્પાદન કેન્દ્ર, ખંભાત(જી.ખેડા)
નો વહીવટ નિયામકશ્રી, કુટીર ઉદ્યોગો અને
ગ્રામોદ્યોગ, સહકાર અમદાવાદને તબદીલ કરવા બાબત

---

ગુજરાત સરકાર,
મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક. બકર-૧૩૭૯-૫૯૧૪૪-હ,
સચિવાલય, ગાંધીનગર,
તા. ૧૭-૮-૭૯

વંચાણમાં લીધા -

૧. મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા. ૨૦-૧૦-૭૮ નો ઠરાવ ક્રમાંક. બકર-૧૩૭૮-૫૫૬૭૦-હ.

૨. મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા. ૧૭-૩-૭૯ નો ઠરાવ ક્રમાંક. એમસીસી-૧૦૭૮-૭૧૩૫-જ.

૩. મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો તા. ૧૭-૪-૭૯ નો ઠરાવ ક્રમાંક. બકર-૧૩૭૯-૩૦૨૦૬-હ.

૪. સમાજ કલ્યાણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદનો તા. ૨૯-૩-૭૯ નો પત્ર ક્રમાંક. સકખા-તાલપ-૪-૭૬-૮૭૯.

ઠ  રા  વ: -

સમાજ કલ્યાણ ખાતા હસ્તકના તાલીમ-સહ-ઉત્પાદન કેન્દ્રોનો વહીવટ મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા. ૧૭-૩-૭૯ ના ઠરાવ ક્રમાંક. એમસીસી-૧૦૭૮-૭૧૩૫-જ અન્વયે નિયામકશ્રી, કુટીર ઉદ્યોગો અને ગ્રામોદ્યોગ સહકાર, અમદાવાદને તબદીલ કરવામાં આવ્યો છે. સામાજિક અને રાજકીય રીતે પછાતવર્ગો તથા આર્થિક રીતે પછાતવર્ગો માટે ખંભાત (જીલ્લા- ખેડા) ખાતે શરૂ કરવામાં આવેલ તાલીમ-સહ-ઉત્પાદન કેન્દ્રનો વહીવટ પણ યોગ્ય વિચારણા બાદ, નિયામકશ્રી, કુટીર ઉદ્યોગો અને ગ્રામોદ્યોગ સહકાર, અમદાવાદને તબદીલ કરવાનું આથી નક્કી કરવામાં આવે છે.

૨. આ અંગે નીચે મુજબ કાર્યવાહી કરવાની રહેશે -

(૧) આ ઠરાવનો અમલ તા. ૧-૪-૭૯ થી કરવાનો રહેશે.

(૨) તાલીમ સહ- ઉત્પાદન કેન્દ્ર ખંભાત માટે ૧૯૭૯-૮૦ ના અંદાજપત્રમાં જે જોગવાઇ કરવામાં આવી છે, તે જોગવાઇ કુટીર ઉદ્યોગ ખાતાને હવાલે મુકવાની રહેશે. આ ઉપરાંત દરવર્ષે આ અંગે જે જોગવાઇ કરવામાં આવે તે જોગવાઇ પણ કુટીર ઉદ્યોગ ખાતાના હવાલે મુકવાની રહેશે. આ અંગેની વહીવટી, ભૌતિક અને નાણાકીય દેખરેખ નિયામકશ્રી, કુટીર ઉદ્યોગો અને ગ્રામોદ્યોગ સહકાર, અમદાવાદે રાખવાની રહેશે.

૩. તાલીમ સહ ઉત્પાદન કેન્દ્ર, ખંભાત સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો તથા આર્થિક રીતે પછાતવર્ગો માટે છે. આથી કુટીર ઉદ્યોગ ખાતાએ ઉપરોક્ત વર્ગોના ઉમેદવારોને જ ઉપરોક્ત કેન્દ્રમાં ધંધાકીય તાલીમ આપવાની રહેશે.

(૪) નીચે જણાવેલી જગ્યાઓ કુટીર ઉદ્યોગ ખાતાને સોંપવાની રહેશે.

| અનુ.નં. જગ્યાનું નામ. | જગ્યાની સંખ્યા. | પગાર ધોરણ રૂ. |
|---|---|---|
| ૧. રેકટર-કમ-સુપ્રિન્ટેન્ડન્ટ | ૧ | ૪૨૫-૭૦૦ |
| ૨. એકાઉન્ટન્ટ-કમ-સ્ટોર કીપર | ૧ | ૩૩૦-૫૬૦ |
| ૩. ઇન્સ્ટ્રકટર | ૪ | ૩૫૦-૬૦૦ |
| ૪. મદદનીશ ઇન્સ્ટ્રકટર | ૪ | ૩૩૦-૫૩૦ |
| ૫. પટાવાળા ચોકીદાર | ૧ | ૧૯૬-૨૩૨ |
| ૬. હેલ્પર | ૧ | ૧૯૬-૨૩૨ |

(૫) ઉપરોક્ત કેન્દ્ર માટે ચાલુ વર્ષે કરવામાં આવેલી જોગવાઇમાંથી વર્ષના અંતે જે રકમ વપરાયા વિનાની રહે તેની બચત પરત સોંપણી કુટીર ઉદ્યોગ ખાતાએ, સમાજ કલ્યાણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદને કરવાની રહેશે.

૩. સમાજ કલ્યાણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ તથા નિયામકશ્રી, કુટીર ઉદ્યોગો અને ઔદ્યોગિક સહકાર, ગુજરાત રાજ્ય અમદાવાદને આ અંગે તાત્કાલિક કાર્યવાહી કરવાની સૂચના આપવામાં આવે છે.

૪. આ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ ઉપર ઉદ્યોગ, ખાણ અને વીજળી વિભાગની તા. ૩૦-૬-૭૯ ની તથા નાણાકીયસલાહકારશ્રીની તા. ૨૧-૭-૭૯ ની સંમતિથી આ ઠરાવ બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જ. પી. વોરા
સેકશન અધિકારી,
મજૂર, સમાજ કલ્યાણ અને
આદિજાતિ વિકાસ વિભાગ.

પ્રતિ,

મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી,

નાણાં મંત્રીશ્રી ના અંગત સચિવશ્રી(વધારાની ૫ નકલો સહિત)

સમાજ કલ્યાણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ (વધારાની ૫ નકલો સહિત)
સચિવશ્રી, ગુજરાત પછાત વર્ગ બોર્ડ, ગુજરાત રાજ્ય, સેકટર નં. ૧૬,
પાટનગર યોજના ભવન, ગાંધીનગર (વધારાની બે નકલો સહિત)
Xવિભાગીય નિયામકશ્રી, પછાતવર્ગ કલ્યાણ ૮, મીલ અધિકારીઓની કોલોની,
આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯.
બધા સમાજ કલ્યાણ અધિકારીઓ (રાજ્ય)
કલેકટરશ્રી, ખેડા જિલ્લો, ખેડા,
ઉદ્યોગ, ખાણ અને વીજળી વિભાગ/ ખ-શાખા,
નિયામકશ્રી, કુટીર ઉદ્યોગો અને ઔદ્યોગિક સહકાર, ગુજરાત રાજ્ય, અમદાવાદ,
(વધારાની પાંચ નકલો સહિત)
રોજગાર અને તાલીમ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ,
મહાલેખાધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/ રાજકોટ,
પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ,
સ્થાનિક તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ,
મ-શાખા, મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,
જ-શાખા, મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,
નાણાં શાખા, " " " " "
છ-શાખા, " " " " " જરૂરી કાર્યવાહી અર્થે

વિશિષ્ટ ફાઈલ-હ શાખા
- - - - - - - -

X પત્ર દ્વારા.

કો.૭૫૩૮/ ૩૦૦ ૨૦